## ધી મોડાસા રોડ ટ્રાન્સપોર્ટ કો.ઓપ.સો.લી. મોડાસાએ એક લાખનો ચેક મુખ્યમંત્રી રાહત ફંડમાં જમા કરાવ્યો

મોડાસા, તા. ૨૩

કોરોના નામની મહામારીએ સમગ્ર વિશ્વમા હાહાકાર મચાવી વ્યક્તિગત રીતે દેશ-દુનિયાના લોકો કોરોના વાયરસની સામે લોકોને મદદરૂપ થવા માટે ખુલ્લા મને મદદ



દીધેલ છે જેની સામે ભારત દેશને બચાવવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૧ દિવસના લોકડાઉન પછી લોકડાઉન ૩ મે સુધી લંબાવ્યું છે. સમગ્ર દેશ લોકડાઉન છે. કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, સહકારી સંસ્થાઓ, ટ્રસ્ટો તથા કરી રહ્યા છે. મોડાસામાં આવેલી ધી મોડાસા રોડ ટ્રાન્સપોર્ટ કો. ઓપ. સો.લી.ના પ્રમુખ અને મોડાસા શહેરમાં સેવાકીય કાર્યો માટે હંમેશા તત્પર રહેતા એવા અબ્દુલ રજ્જાક ટીંટોઈયાએ મુખ્યમંત્રી રાહતફંડમાં જમા કરાવવામાં આવ્યો હતો.





પ્રવર્તમાન લોકડાઉનના સમયગાળામાં સાબરકાંઠાના તલોદ નગરમાં બંદોબસ્ત માટે ખડકાયેલા એસઆરપી જવાનો પૈકીના અશ્વિનસિંહ ચૌહાણની કામગીરી ઉડીને આંખે વળગે તેવી છે. રોડમાર્ગો અને રહેણાંક વિસ્તારમાં લોકડાઉનનો ભંગ કરીને નાહકના ઘર બહાર દોડી આવતા લોકો પ્રતિ ત્રાડ નાખી ત્રાટકતા આ જવાન યોગ્ય સમયે જીભ અને સ્ટીકનો હળવો ઉપયોગ કરીને કાયદાની ઐસી કી તૈસી કરનારા લોકોને કાયદાનો ચુસ્ત અમલ કરવા ફરજ પાડતા આ જવાનની ફરજનિષ્ઠા તલોદ નગર અને તાલુકાના ૬૦ થી વધુ ગામોમાં પ્રશંસાને પાત્ર બની છે.

## બનાસકાંઠામાં કોરોનાનું લોકલ સંક્રમણ વધ્યું : વધુ બે પોઝિટિવ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં ગુરૂવારે વધુ બે વ્યક્તિઓનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો હતો. જ્યાં પાલનપુર તાલુકાના ગઠામણ ગામે યુવક - યુવતી લોકલ સંક્રમણનો ભોગ બન્યા હતા. જેના પગલે પ્રજાજનોમાં ભારે ફફડાટ પ્રસરી ગયો છે. જ્યાં આરોગ્ય વિભાગ દ્વારા આ પોઝિટિવ વ્યક્તિઓના સંપર્કમાં આવેલા લોકોને શોધી તેમને હોમ કોરેન્ટાઈન કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં કુલ પોઝિટિવ કેસોની સંખ્યા ૨૦ થવા પામી છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસ હાહાકાર મચાવી રહ્યો છે. ગુરૂવારે વધુ બે વ્યક્તિઓનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો હતો. જ્યાં પાલનપુર તાલુકાના ગઠામણ ગામે ૪૫ વર્ષિય યુવક અને ૨૮ વર્ષિય યુવતી લોકલ સંક્રમણનો ભોગ બન્યા હતા. જેના પગલે પ્રજાજનોમાં ભારે ફફડાટ પ્રસરી ગયો છે. જ્યાં આરોગ્ય વિભાગ દ્વારા આ પોઝિટિવ વ્યક્તિઓના સંપર્કમાં આવેલા લોકોને શોધી તેમને હોમ કોરેન્ટાઈન કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં કુલ પોઝિટિવ કેસોની સંખ્યા ૨૦ થવા પામી છે. ઉલ્લેખનીય છે કે, બનાસકાંઠા જિલ્લામાં અત્યાર સુધીમાં પાલનપુર તાલુકાના ગઠામણ ગામે ૧૩ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. જ્યારે અગાઉ વાવના મીઠાવી ચારણ ગામે પાંચ વર્ષના બાળકનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જોકે, સઘન સારવાર બાદ તે સ્વસ્થ થતાં હોસ્પિટલમાંથી રજા અપાઈ હતી. જોકે, આ બાળકને સુરતથી સ્કોર્પિયો ગાડીમાં લાવનાર ચાલકનો રિપોર્ટ પોઝિટિવ આવતાં તેમની સારવાર ચાલી રહી છે.તેમજ વાવ તાલુકાના આકોલી ગામના ૪૮ વર્ષના મહિલા, માવસરી ગામના ૨૨ વર્ષના પુરુષ, દૈયપ ગામનો ૨૦ વર્ષનો પુરુષ, મીઠાવીચારણ ગામના ૨૮ વર્ષનો પુરુષ, થરાદનો પુરુષ જે તમામને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. અને આ પોઝિટિવ વ્યક્તિઓના સંપર્કમાં આવેલા લોકોને શોધી તેમને હોમ કોરેન્ટાઈન કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### ગઠામણમાં કોરોના પોઝિટિવ વ્યક્તિઓની સંખ્યા ૧૩

ગઠામણ ગામમાં અમદાવાદ થી કોરોનાનો ચેપ લઈને આવેલા આધેડનો કોરોના વાયરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ચેપથી તેના પરિવારના ૪ વ્યક્તિને કોરોના થયો હતો. પરિવારના સદસ્યોના સંપર્કથી ૫ વર્ષની બાળકી-યુવકનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. પરિવારને ત્યાં બેસણામાં આવેલા ૨૮ વર્ષની સ્ત્રી, ૩૫ વર્ષના પુરૂષને કોરોનાનો ચેપ લાગ્યો હતો. મહોલ્લામાં બે યુવતીઓ કોરોના વાયરસની ઝપટે આવ્યા હતા. મંગળવારે વધુ એક ૧૮ વર્ષનો યુવક કોરોના પોઝિટિવ બન્યો હતો. ગુરૂવારે વધુ બે વ્યક્તિઓનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

## ધનસુરના શિણોલના ૨૩ વર્ષીય યુવાનનો રીપોર્ટ કોરોના પોઝિટિવ

અરવલ્લી જિલ્લામાં કોરોના પોઝિટીવના ૧૭ કેસ નોંધાયા હતા જેમાં ગુરૂવારે ધનસુરના શિણોલના ૨૩ વર્ષીય યુવાનનો રીપોર્ટ કોરોના પોઝિટિવ આવતા જિલ્લામાં કોરોનાનો આંક ૧૮ સુધી પંહોચી ગયો છે. જેને લઈ આરોગ્ય વિભાગ દ્વારા સરવે કામગીરી હાથ ધરી પોઝીટીવ દર્દીઓના સંપર્કમાં આવનાર લોકોને આઈસોલેટેડના સારવાર હેઠળ મોકલી આપ્યા છે. અરવલ્લી જિલ્લામાં એક દિવસની રાહત બાદ ધનસુરામાં વધુ એક નોંધાતા તાલુકામાં કોરોના પોઝિટવ દર્દિઓની સંખ્યા ત્રણ થઈ ગઈ છે. બાયડના આંબલીયારા અને સાંઠબા, મેઘરજના લીંબોદરા, ઓઢા અને ગાયવાછરડા, મોડાસના તાલુકાના નાંદીસણ, રાજલી, સરડોઇ અને શહેરી વિસતારનો એક કેસ મળી ચાર કેસ જયારે ભિલોડાના કુશાલપુરા એક દર્દીનું મરણ થયા બાદ જિલ્લામાં હાલ ૧૭ દર્દીઓ કોરોના પોઝીટીવની સારવાર લઈ રહ્યા છે.

અરવલ્લીના મોડાસાની સાર્વજનિક હોસ્પિટલ ખાતે ૧૨, બાયડની વાત્રક હોસ્પિટલમાં કોરોના પોઝિટીવ પાંચ દર્દીઓ સારવાર હેઠળ છે. અરવલ્લી જિલ્લાની સાર્વજનિક હોસ્પિટલ મોડાસા ખાતેથી ૨૨૫ સેમ્પલ જયારે બાયડની ફતેસિહરાવ ગાયકવાડ જનરલ હોસ્પિટલ વાત્રક ખાતેથી ૧૭૮ સેમ્પલ મળી કુલ અત્યાર સુધી ૪૦૩ સેમ્પલ લેવમાં આવ્યા છે. જે પૈકી ૧૭નો રીપોર્ટ કોરોના પોઝિટીવ આવ્યો હતો. જિલ્લામાં હજુ ૪૦ રીપોર્ટ પેન્ડીગ છે.

## મીરાદાતારની દરગાહમાં હજારથી વધુ યાત્રાળુની રહેવા-જમવાની વ્યવસ્થા

ઊંઝા, તા. ૨૩

ઊંઝા નજીકના ઉનાવા (મિરાંદાતાર) ગામે સુપ્રસિદ્ધ મીરાંદાતારની દરગાહમાં આવેલા અને લોકડાઉનની સ્થિતિમાં ફસાયેલા અંદાજે એક હજારથી વધુ યાત્રાળુઓને માટે દરગાહ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, મુસ્લિમ અગ્રણીઓ તેમજ ગ્રામજનોના સહયોગથી રહેવા અને જમવાની સુંદર સગવડ કરવામાં આવી છે.

મીરાંદાતારની દરગાહમાં આવેલા બહારના લગભગ એક હજારથી વધુ યાત્રિકો કોરોના વાઈરસને પગલે લોકડાઉનની સ્થિતિમાં અહીં અટવાઈ ગયા છે. આવી સ્થિતિમાં તેઓને કોઈ મુશ્કેલી ન પડે તે માટે તેઓના રહેવા અને જમવા માટેના પુરા પ્રયાસો કરવામાં આવ્યા છે. યાત્રાળુઓને રહેવા માટે દરગાહના હોલમાં તેમજ ગેસ્ટહાઉસમાં વ્યવસ્થા કરાયેલ છે. આ સાથે તેઓને બે ટાઈમ ભોજન મળી રહે તેવી સગવડ કરવામાં આવી છે. જ્યારથી લોકડાઉનનો અમલ થયો છે ત્યારથી લોકડાઉન પુરૂ થાય ત્યાં સુધી તેઓને આ સુવિધા આપવાનું નક્કી કરાયું છે.

માનવીય ઉમદા સેવા કાર્યમાં મીરાંદાતાર દરગાહ ટ્રસ્ટના ચેરમેન હાજી વારીસઅલી એ. સૈયદ, સિદ્દીકમીયાં એચ. સૈયદ, સાહિદમીયાં આઈ. સૈયદ, મનોવરઅલી યુ. સૈયદ વગેરે મુસ્લિમ અગ્રણીઓએ સારી એવી જહેમત ઉઠાવી છે. ઉમદા કાર્યમાં સ્થાનિક ગ્રામજનોનો પણ સહયોગ સાંપડ્યો છે.





### ખેડબ્રહ્મા તાલુકામાં દાનની અવિરત ગંગા

ખેડબ્રહ્મા તાલુકા પ્રાથમિક શિક્ષકો તરફથી રૂપિયા ૧૫૩૫૯૫૯ મુખ્યમંત્રી રાહત ફંડ, પોશીના તાલુકા પ્રાથમિક શિક્ષકો તરફથી રૂપિયા ૯૮૯૨૦૯ મુખ્યમંત્રી રાહત ફંડમાં, ત્તિરુપતિ ફ્રેન્ડ ખેડબ્રહ્મા તરફથી રૂપિયા ૨૧૦૦૦ મુખ્યમંત્રી રાહત ફંડ, ગોતા કંપા સેવા સહકારી મંડળી તરફથી રૂપિયા ૫૧૦૦ મુખ્યમંત્રી રાહત ફંડમાં તથા ગોતા કંપા ગામ સમસ્ત તરફથી રૂપિયા ૫૧૦૦ પ્રધાનમંત્રી રાહત ફંડમાં મળેલ છે.





### ડીસામાં જાહેરનામાનો ભંગ કરનાર ૧૭ સામે ફરીયાદ

સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસની મહામારીએ હાહાકાર મચાવી દીધો છે, આ મહામારી ભારતમાં પણ પ્રવેશી ચુકી છે જેને લઈને સમગ્ર દેશમાં બે તબક્કામાં ૪૦ દિવસનું લોકડાઉન અપાયું છે, પરંતુ બનાસકાંઠા જિલ્લાના ડીસામાં લોકડાઉન હોવા છતાં પણ લોકો અવારનવાર લોકડાઉનના આદેશનો ભંગ કરી બહાર ફરતા હોય છે ત્યારે પોલીસે પણ આવા ઈસમો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે જેમાં મગળવાર અને બુધવારના દિવસ દરમિયાન કલેકટરના જાહેરનામાનો ભંગ કરી લોકડાઉન દરમિયાન બહાર ફરતા ૧૭ ઈસમો સામે કલમ ૧૮૮, ૨૬૯ અને ૧૧૪ હેઠળ કાર્યવાહી ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે તેમજ ૧૧ જેટલા વાહનો ડિટેન કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## અરવલ્લીના ૧૨ કેદીઓએ ઈ-પ્રિઝન એપથી જેલમાં ઈ-મુલાકાત કરાવાઈ

હાલમાં વિશ્વ વ્યાપી કોરોના વાઈરસની મહામારી જેવા રોગના સંક્રમણથી બચવા પરિવારના સભ્યોને જોઈ શકે તે હેતુસર ઈન્ટરનેટ ધ્વારા ઈ-પ્રિઝન એપ્લિકેશન ધ્વારા



જેલના બંદીઓને રૂબરૂ મુલાકાત પર નિયંત્રણ કરવામાં આવેલ છે. ત્યારે અધિક પોલીસ મહાનિર્દેશક અને જેલોના ઈન્સપેકટર જનરલ, ગુજરાત રાજ્ય-અમદાવાદે આપેલ સુચના મુજબ ઈ-મુલાકાત મળવા પાત્રતા ધરાવતા હોય તેવા બંદીઓને ટેકનોલોજીના માધ્યમથી પોતાના પરિવાર સાથે વાતચીત કરી મોડાસાની જેલના કેદીઓને પોતાના પરિવારના સભ્યો સાથે ઘરબેઠા ઈ-મુલાકાત કરાવવામાં આવે છે. અરવલ્લી જિલ્લામાં હાલ હાલ ૧૦૦થી કેદીઓ જેલમાં છે જે પૈકી ૩૩ બંદીવાનોએ લાભ લીધેલ છે. આવા કપરા સમયે કેદીઓને પણ પોતાના સ્વજનો ખબર અંતર પુછવા મળતાં એક રાહતરૂપી સેવા થઈ છે.

### કોરોનાથી બચવા સાબરકાંઠાના ૫૧૭૬૧ નાગરીકોએ એપ ડાઉનલોડ કરી

હિંમતનગર, તા. ૨૩

ગુજરાત સહિત સાબરકાંઠા જિલ્લામાં કોરોના વાયરસને પગલે લોકડાઉનનો સમયગાળો સરકારે આગામી તા. ૩ મે સુધી લંબાવાની જાહેરાત કરી છે. ત્યારે સરકારે લોકોમાં જાગૃતિ આવે અને તેઓ જાતે પોતાનું જાત નિરિક્ષણ કરી શકે તેવી એપ વિકસાવી છે અને લોકોને તેનો ઉપયોગ કરવા અપીલ કરી છે. ત્યારે સાબરકાંઠા જિલ્લામાં અત્યાર સુધી ૫૧૭૬૧ નાગરીકોએ પોતાના મોબાઈલમાં આ એપ ડાઉનલોડ કરી છે. તે પૈકી ૧૨૧૧ નાગરીકોએ પોતાની જાતે શરીરનું પરીક્ષણ કરીને ભયમુક્ત બન્યા છે.

રાજ્ય સરકાર દ્વારા કોરોના વાયરસની જાણકારી તથા તેના લક્ષણો અંગે તબિબ પાસે ગયા સિવાય જાતે પરીક્ષણ કરી શકે તેવી એક એપ વિકસાવી છે અને તેને પ્રજાના ઉપયોગ માટે ખુલ્લી મુકી છે જે મુજબ સાબરકાંઠા જિલ્લામં અત્યાર સુધી શિક્ષિત ગણાતા અંદાજે ૫૧૭૬૧ નાગરીકોએ પોતાના મોબાઈલમાં આ એપ ડાઉનલોડ કરીને તેમાં આપેલી માર્ગદર્શીકાને અનુમોદન આપ્યા બાદ આ એપના માધ્યમથી તમારામાં કોરોના વાયરસના લક્ષણો છે કે નહી તે જાણી શકાય છે તથા તાવ અને શરદી-ઉધરસ હોય તો પણ ખબર પડી જાય છે. અત્યાર સુધીમાં સાબરકાંઠા જિલ્લાના ૧૨૧૧ નાગરીકોએ આ એપ ડાઉનલોડ કરીને તેઓએ જાત પરિક્ષણ કરી દીધુ છે. જેથી જિલ્લાવાસીઓએ પોતાના મોબાઈલમાં આ એપ લોન્ચ કરવા માટે તંત્ર દ્વારા અપીલ કરાઈ છે.

## બનાસડેરીના કર્મચારીઓ કોરોના વોરીયર્સની ભૂમિકામાં : શંકરભાઈ ચૌધરી

### કોરોના મહામારીના વિકટ સંજોગોમાં પણ દૂધ ઉત્પાદકો અને દૂધ વપરાશકર્તાઓ માટે આશિર્વાદરૂપ બનાસડેરી

પાલનપુર, તા. ૨૩

કોરોના નામનો વાયરસ સમગ્ર વિશ્વમાં મહામારી ફેલાવીને હાહાકાર મચાવી રહ્યો છે ત્યારે એકબાજુ નાના મોટા ધંધા ઉદ્યોગ સદંતર ભાગી પડ્યા છે અને બેકારીનો માહોલ સર્જાયો છે ત્યારે આવશ્યક સેવામાં ગણતાં દૂધ ઉત્પાદકોએ રાહતનો દમ લીધો હતો. માત્ર ખેતી અને પશુપાલન પર નભતા જિલ્લાના ખેડૂતો અને પશુપાલકો મહીને ૫૦૦ કરોડ રૂપિયાની ાવક દૂધના વ્યવસાયમાંથી મેળવી રહ્યા છે જેનો





બીજી બાજુ બનાસકાંઠાની જીવાદોરી સમી 'બનાસડેરી' દૂધ ઉત્પાદકો અને દૂધ ઉપભોગતાઓ બંને માટે આશિર્વાદરૂપ સાબિત થઈને કોરોના મહામારી સામે અડીખમ રહી છે.

કોરોના સંકટ ઘેરૂ બનતાં જિલ્લાના ચાર લાખ દૂધ ઉત્પાકોના મનમાં દૂધનો વ્યવસાય બંધ થવાના ભયે ચિંતાના વાદળો ઘેરાયાં હતા. તે સંજોગોમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે આ વ્યવસાયને શ્રેય બનાસડેરીને જાય છે. એટલુ જ નહી ચા ની રેકડી હોય કે હોટલ ઉદ્યોગ હોય, કોરોનાને કારણે તમામ વ્યવસાયો બંધ થતાં દૂધની ખપત પણ ઓછી થતાં તેના વેચાણમાં પણ ઘટાડો થયો છે. જ્યારે દૂધનું ઉત્પાદન યથાવત રહ્યુ છે. આવા સંજોગોમાં પણ દૂધના ભાવોમાં ઘટાડો નહી કરીને બનાસડેરીએ દૂધ ઉત્પાદકોના હીતોનું પણ રક્ષણ કર્યુ છે.

એ જ પ્રમાણે દૂધના વપરાશકર્તાઓને પણ તેમની પ્રાથમિક જરૂરિયાત સમુ દૂધ સમયસર પહોંચાડીને બનાસડેરીએ લોકડાઉનના સમયમાં તેમની પણ પખડે રહી છે. એટલું જ નહી દૂધનું વેચાણ ઘટવા છતાં દૂધના ભાવો નહી વધારીને ઉપભોગતાઓનું પણ રક્ષણ કર્યુ છે.

બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ દૂધ ઉત્પાદકોને વ્યાજબી ભાવે, પુરતા પ્રમાણમાં બનાસદાણનો પુરવઠો પણ મળી રહે તે માટે અન્ય રાજ્યોની સરકારો સાથે સંકલન સાધીને પર પ્રાંતમાંથી આવતો દાણનો કાચોમાલ પણ સમયસર મળી રહે તેવું આયોજન ગોઠવતાં બનાસદાણના ઉત્પાદન પર પણ કોઈ વિપરીત અસર થવા પામી નથી. તેમને આ બાબતે પંજાબ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને હરીયાણા જેવા રાજ્યોની સ્થાનિક સરકારો સાથે જરૂરી મસલત કરીને ટ્રાન્સપોર્ટેશન ચાલુ રહે અને ટ્રક ઓપરેટરોને પણ રહેવા, જમવાની જરૂરી વ્યવસ્થાઓ મળી રહે તેવો પ્રબંધ બનાસડેરીએ ગોઠવતાં બનાસદાણમાં ઉપયોગી કાચો માલ પુરતા પ્રમાણમાં મળી રહ્યો છે.

## જિલ્લામાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની ૧.૩૭ લાખથી વધુ ઉત્તરવહી ચકાસણીની કામગીરી પૂરજોશમાં

હિંમતનગર, તા. ૨૩

કોરોના વાયરસની વિપત્તિગ્રસ્ત પરિસ્થિતિને સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હોવાથી ઉત્તરવહી ચકાસણીની કામગીરી સ્થગિત કરવામાં આવી હતી. પરંતુ શિક્ષણ વિભાગ દ્વારા ૧૬ એપ્રિલથી ઉત્તરવહી ચકાસણીનું કામ શરૂ કરવાનો નિર્ણય કરાયો છે ત્યારે સાબરકાંઠા જિલ્લામાં ૭ મૂલ્યાંકન કેન્દ્રોમાં ૬૪૨ શિક્ષકો દ્વારા ઉત્તરવાહી ચકાસણીની કામગીરી શરૂ કરાઈ છે. જેમાં ધોરણ ૧૦ના ૪, ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના ૧ અને વિજ્ઞાન પ્રવાહના ૧ મુલ્યાંકન કેન્દ્રોનો સમાવેશ થાય છે. લોકડાઉનના નિયમનું પાલન થાય અને સોશિયલ ડીસ્ટન્સીંગ જળવાઈ રહે તે માટે શિક્ષકોને ટીમ વાઈઝ ઉત્તરવહી ચકાસવાની કામગીરી સોંપવામાં આવી છે. ધોરણ-૧૦ અને ૧૨ની ૧,૩૭,૬૦૦ ઉત્તરવહીઓનુ મૂલ્યાંકન કરવામાં આવશે. એક ટીમમાં ૫ શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમજ એક વર્ગખંડમાં બે ટીમ એટલે કે ૧૦ શિક્ષકો સામાજિક અંતર રાખીને મૂલ્યાંકન કરશે.

જિલ્લા શિક્ષણાધિકારી સંજયભાઈ વ્યાસે જણાવ્યું હતુ કે કોરોના વાયરસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને દરેક શિક્ષકોના આરોગ્યની ચકાસણી કેન્દ્ર પર કરવામાં આવી છે. મુલ્યાંકન કેન્દ્રના દરેક વર્ગને સેનેટાઈઝ કરવામાં આવ્યા છે. શિક્ષકોને ટીમ વચ્ચે સેનેટાઈઝરની સુવિધા આપવામાં આવી છે. તેમજ ફરજિયાત માસ્ક પહેરવાની પણ સુચના આપવામાં આવી છે. શિક્ષકોને આવન-જાવનમાં મુશ્કેલી ન પડે તેનું ધ્યાન રાખતા સુચારૂ આયોજન કરવામાં આવ્યું છે. જેમ કે, હિંમતનગર, પ્રાંતિજ, તલોદ તાલુકાના શિક્ષકોને હિંમતનગરના મૂલ્યાંકન કેન્દ્રો તેમજ ઈડર, ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીના રહેતા શિક્ષકોને ઈડર ખાતેના કેંદ્ર પર જ ફરજ બજાવવાની રહેશે.

શિક્ષણ વિભાગ દ્વારા અન્ય જિલ્લામાં ઉત્તરવહી ચકાસણીમાં મુકાયેલા સ્થાનિક શિક્ષકોને કોરોનાની પરીસ્થિતિને ધ્યાને રાખી જિલ્લાની અંદર જ ઉત્તરવહી ચકાસણીમાં સામેલ કરવા ઓર્ડર કરવામાં આવ્યા છે જેમાં દાહોદ - ૧, ગાંધીનગર-૬, છોટા ઉદેપુરના-૧ તેમજ બનાસકાંઠાના-૨ શિક્ષકો એમ ૧૦ જેટલા શિક્ષકો અન્ય જિલ્લામાં કામગીરી ઓડર હોવા છતાં જિલ્લામાં ઉત્તરવહી ચકાસણી કામગીરીની વ્યવસ્થા કરાઈ છે. હાલની સ્થિતિમાં જિલ્લાની સરહદો સીલ કરવામાં આવી છે. જેથી કોરોના સંક્રર્મણને ફેલાતુ અટકાવી શકાય અને કોઈ સંક્રમીત વ્યક્તિ અન્ય જિલ્લામાં કોરોનાનો ચેપ ના ફેલાવે. ગુજરાત રાજ્યના દરેક બાળકની એડમિશન પ્રક્રિયા આગળ ધપે અને આગળનો અભ્યાસ સારી રીતે કરી તેમનું ભવિષ્ય ઉજજવળ બને તે માટે રાજ્યનો શિક્ષણ વિભાગ સંનિષ્ઠતાથી કામ કરી રહ્યું છે. તે માટે સચોટ કામગીરી કરવામાં આવી રહી છે.

## પ્રાંતિજ તાલુકાના ઝાલાની મુવાડી ગામના વિર શહિદ જવાનના પરિવારને ૭૨ હજારની આર્થિક સહાય કરાઈ

તલોદ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ઝાલાની મુવાડી ગામના વિર શહિદ સત્યપાલસિંહ



પરમારના પરિવારજનોને ફૂલ નહી તો ફૂલની પાંખડી રૂપે આર્થિક સહાય કરવાનું ઠરાવીને ભારતીય જન પરિષદના અધ્યક્ષ અનિલ ચતુર્વેદીએ આજે શહિદ યુવાનના ઘરે જઈને તેના વૃદ્ધ પિતાને રૂ. ૫૧૦૦૦ની આર્થિક સહાય પુરી પાડી હતી. તેજ રીતે તલોદના પૂર્વ સૈનિકોના સંગઠને રૂ. ૨૧ હજારની આર્થિક સહાય પુરી પાડી હતી. આમ સહાયનો સ્વિકાર કરતા સહજભાવે શહિદ યુવાનના માવતર ગદગદીત થઈ ગયા હતા. આ પ્રસંગે તલોદ મામલતદાર અમરસિંહ ચૌહાણ તથા એક્સ આર્મી જવાનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

યાદ રહે કે જમ્મુ-કાશ્મિરના બારામુલા જિલ્લાના સોપોર પંથકમાં ગત શનિવારે થયેલા નિંદનીય એવા આતંકી હુમલામાં ૩ જવાનો શહિદ થયા હતા. જેમાં તલોદ નજીકના પ્રાંતિજ તાલુકાના ઝાલાની મુવાડી ગામનો યુવાન પણ શહીદ થવા પામ્યો હતો. સત્યપાલસિંહ બચુસિંહ પરમાર નામનો ૨૮ વર્ષની વયે જ આ યુવાન સાતેક વર્ષ પહેલા સીઆરપીએફમાં જોડાયો હતો. જે પોતાના સાથી જવાનો સાથે સોપોર પંથકમાં ફરજ બજાવતો તો ત્યારે તેમની ટુકડી ઉપર આતંકવાદીઓએ જીવલેણ હુમલો કર્યો હતો. સત્યપાલના નશ્વર દેહને સોમવારે માદરે વતન ખાતે ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

### ભારતીય જન પરિષદે ૫૧૦૦૦ અને તલોદ તાલુકાના માજી સૈનિકોએ ૨૧,૦૦૦ની સહાય કરી

મા ભોમની રક્ષા કાજે લડતાં લડતાં શહિદીને વરેલા સત્યપાલના પરિવારને આર્થિક સહાય કરવા ભારતીય જન પરિષદે ઠરાવ કરતાં આજે પરિષદના રાષ્ટ્રિય અધ્યક્ષ અનિલ ચતુર્વેદી અને જિલ્લા પ્રમુખ સુરેશભાઈ પટેલે રૂ. ૫૧,૦૦૦ની સહાય શહિદના પિતાને અર્પણ કરી હતી. તેમજ માજી સૈનિક સંગઠન તલોદ તાલુકાના પ્રમુખ જગદિશભાઈ સોલંકીએ માજી સૈનિકો તરફથી રૂ. ૨૧,૦૦૦ની સહાય અર્પણ કરી હતી. આ પ્રસંગે તલોદ મામલતદાર અગરસિંહ ચૌહાણ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



### એલસીબી પોલીસ દ્વારા કિફાયતનગરના ગરીબ પરિવારોને કીટ વિતરણ

કોરોનાની મહામારીને પ્રસરતી અટકાવવા લોકડાઉન એ એક માત્ર ઈલાજ હોઈ તેના ચુસ્ત અમલ માટે કોરોના સામેના જંગમાં એક યોદ્ધા તરીકે રાત દિવસ ફરજ બજાવી રહેલા પોલીસ કર્મીઓ તેમની ફરજ પરસ્તી સાથે સમય કાઢી લોકડાઉનના આ કપરા સંકટના સમયમાં ગરીબ પરિવારોનાજીવન નિર્વાહની ચિંતા કરી તેમને મદદરૂપ થવાની ભાવનાથી તેમના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી તેમને ભૂખ્યા ન રહેવું પડે તે માટે તેમને જીવન જરૂરી ચીજ વસ્તુઓ સહિતના કરીયાણા શાકભાજીની કીટ પહોંચાડવાની સેવા ભાવનાનું કામ કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. હિંમતનગરના કિફાયતનગરની ઝૂંપડપટ્ટીમાં વસવાટ કરી રહેલ અતિ ગરીબ અને જરૂરતમંદ પરિવારોને હિંમતનગર એલસીબી પી. આઈ. વી.આર. ચાવડાની રાહબરીમાં એએસઆઈ ઈન્દ્રસિંહ રાઠોડ અને તેમની ટોમ દ્વારા રાશન કીટનું મંગળવારના રોજ વિતરણ કરવામાં આવ્યું હતું.